# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2023** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- **વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદ સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં ૧૧૯ જેટલા દેશોના રાજદ્વારીઓ સમક્ષ ગુજરાતની વિકાસગાથા રજૂ કરી.**
- **મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024 અગાઉ નવી દિલ્હીમાં અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે વન ટુ વન બેઠક કરી.**
- **આજે 7 ઓકટોબર એટલે – વિશ્વ કપાસ દિવસ છે. ગુજરાત ભારતમાં કપાસનું સૌથી વધુ ઉત્પાદન કરતું રાજ્ય છે.**
- **વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરા આજે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત બનાસકાંઠાના બાલારામ ખાતે નેચર એજ્યુકેશન એન્ડ ઇકોટુરિઝમ કેમ્પ સાઇટનું લોકાર્પણ કરશે.**
- **વન્યજીવ સપ્તાહ-૨૦૨૩ નિમિત્તે ઇન્દ્રોડા પાર્ક-ગાંધીનગરમાં ‘વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી એક્ઝિબિશન’ જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું. - દીપડાની નવીન જોડી ‘શ્રવણ’ અને ‘રક્ષા’ને લોકો નિહાળી શકશે.**
- **નવલા નોરતાના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે અમદાવાદ પોલીસે ગરબા આયોજકો માટે ગાઇડલાઇન જાહેર કરી**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# VIBRANT SUMMIT 20 YEARS

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકાર પરિષદને 20 વર્ષ પૂર્ણ થયા છે એ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમો અંતર્ગત ગઇકાલે દિલ્હીમાં ખાસ કર્ટેન રેઇઝર કાર્યક્રમ યોજાયો..

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં દુનિયાના ૧૧૯ જેટલા દેશોના રાજદ્વારીઓ સમક્ષ ગુજરાતની વૈશ્વિક વિકાસગાથા રજૂ કરી હતી.તેમણે જણાવ્યું હતું કે, વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ઉત્તરોત્તર જ્વલંત સફળતાના પગલે ગુજરાત દેશ અને દુનિયાના 'મોસ્ટ પ્રિફર્ડ ઈન્વેસ્ટમેન્ટ હબ' તરીકે પ્રસ્થાપિત થયું છે. આગામી ૧૦ જાન્યુઆરીના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે પ્રધાનમંત્રીશ્રીના હસ્તે પ્રારંભ થનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિ અંતર્ગત ગુજરાત સરકારે નવી દિલ્હી ખાતે ડિપ્લોમેટ્સ બેઠકનું આયોજન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ દુનિયાના વિવિધ દેશો સાથે ગુજરાતની સહભાગિતાનું ફલક વધારવાની નેમ આ પ્રસંગે વ્યક્ત કરી હતી.

વાયબ્રન્ટ સમિટમાં વિદેશી રાષ્ટ્રોની ભાગીદારી પણ ઉત્તરોત્તર વધતી રહી છે. સરકારના પ્રયાસોની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે દેશમાં ઉદ્યોગ ક્ષેત્રે સ્પર્ધાત્મકતા, સુદ્રઢ પોલિસીઓ, પારદર્શિતા, ડિજીટાઈઝેશન અને ઈનોવેશનના માધ્યમથી દેશમાં મૂડીરોકાણ માટે સાનુકૂળ વાતાવરણ ઉભું થયું છે. દસમી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની થીમ 'ગેટ વે ટુ ધ ફ્યુચર' રાખવામાં આવી છે, જે ૨૦૪૭માં વિકસિત ભારતના વિઝનને આગળ ધપાવશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ગુજરાતની સંસ્કૃતિ અને પ્રવાસનને પણ ઉત્તેજન આપે છે, આ સંદર્ભમાં તેમણે વાઇબ્રન્ટ નવરાત્રિ અને કાઇટ ફેસ્ટિવલ જેવા લોકપ્રિય સાંસ્કૃતિક ઉત્સવોનો આનંદ લેવા પણ અનુરોધ કર્યો હતો.

---

-માહિતી, રૂપલ -(નવીન)

# Cm - one to one

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024ના પ્રથમ રોડ શોના પ્રારંભે નવી દિલ્હીમાં અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે વન ટુ વન બેઠક કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સિઓલ સેમિકન્ડક્ટરના કન્ટ્રી હેડ શ્રી ડી.જે. કિમ, બોરોસિલ લિમિટેડના એમડી શ્રીવર ખેરૂકા, રેલવે બોર્ડના ચેરમેન સુશ્રી જયા સિંહા, Paytmના સ્થાપક અને સીઈઓ શ્રી વિજય શેખર શર્મા, જે. કે. પેપર લિમિટેડના વાઇસ ચેરમેન શ્રી હર્ષપતિ સિંઘાનિયા, ટાટા પાવર રિન્યુએબલ એનર્જી લિમિટેડના પ્રેસિડેન્ટ શ્રી આશિષ ખન્ના, ઓકીનાવાના સ્થાપક અને એમડી શ્રી જીતેન્દ્ર શર્મા, ડીસીએમ શ્રીરામના ચેરમેન અને સિનિયર એમડી શ્રી અજય શ્રીરામ, જી.આર. ઇન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડના એમડી શ્રી અજેન્દ્ર કુમાર અગ્રવાલ, પોલીસી બઝારના ગ્રુપ પ્રેસિડેન્ટ શ્રી રાજીવકુમાર ગુપ્તા તથા વેલસ્પનના ચેરમેન શ્રી બાલકૃષ્ણ ગોએન્કા સાથે વન ટુ વન બેઠક કરી હતી.

આ વન-ટુ-વન મુલાકાત બેઠકની શરૂઆતમાં સૌપ્રથમ સિઓલ સેમિકન્ડક્ટરના કન્ટ્રી હેડ શ્રી ડી.જે. કીમ મુખ્યમંત્રીને મળ્યાં હતાં. વૈશ્વિક સ્તરે ચોથી સૌથી મોટી એલ.ઇ.ડી. ઉત્પાદક તરીકે સિઓલ સેમિકન્ડક્ટરે નામના મેળવેલી છે. સિઓલ સેમિકન્ડક્ટરના કન્ટ્રી હેડ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમને ગુજરાત સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગનું હબ બનવા સજ્જ બન્યું છે તેની વિગતો આપી હતી.માઇક્રોન જેવી સેમિકન્ડક્ટર ક્ષેત્રની વિશ્વખ્યાત કંપનીએ તાજેતરમાં સાણંદ ખાતે પ્લાન્ટનું ભૂમિ પૂજન કર્યું છે તેની પણ આ બેઠકમાં ચર્ચા હાથ ધરાઈ હતી. ડી.જે. કીમે પણ ગુજરાતમાં પોતાનો પ્લાન્ટ શરૂ કરવાની ઉત્સુકતા દર્શાવી હતી.

---------------------------------------------------------------------

-માહિતી, રૂપલ -(નવીન)

# VIBRANT DANG

વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત વાયબ્રન્ટ ડાંગ અંગેના 19 કરોડથી વધુના સમજૂતી કરારનો કાર્યક્રમ જીલ્લા પ્રભારી મંત્રી કુવરજી હળપતિના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

અમારા ડાંગ જીલ્લાના પ્રતિનિધી મુનિરા શેખ જણાવે છે કે, આ સમજૂતી કરારમાં શક્તિ ફાઉન્ડેશન-સુરત દ્વારા અન્ન સંસ્કરણ ક્ષેત્રે અંદાજિત 62 લાખ રૂપિયા અને કૃષિ ક્ષેત્રે સજીવન સિડ પ્રાઈવેટ લિ. દ્વારા 1 કરોડ 20 લાખ રૂપિયાના બે પ્રોજેકટ તેમજ હીર ગ્લોબલ એગ્રીટેક કોલોબરેશન પ્રા.લિ. દ્વારા ડાંગના ત્રણેય તાલુકાઓ માટે પાંચ-પાંચ કરોડ ઉપરાંત, અન્ય કંપનીઓના સવા બે કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

ડાંગના સ્થાનિક ઉત્પાદનો, બનાવટો સહિત પ્રવાસન ક્ષેત્રમાં રહેલી વિપુલ તકોનો લાભ લેવા મંત્રી કુવરજી હળપતિએ અપીલ કરી હતી. આ તકે, વિવિધ યોજનાકીય લાભાર્થીઓને ચેક અને સાધન સહાયનું પણ વિતરણ કરાયું.

. . . . . . . . . . . . . . . . .

-રીપીટ

# Vishva kapas divas

આજે 7 ઓકટોબર એટલે – વિશ્વ કપાસ દિવસ છે.ગુજરાત ભારતમાં કપાસનું સૌથી વધુ ઉત્પાદન કરતું રાજ્ય છે. આ વર્ષે અત્યાર સુધીમાં 26 લાખથી વધુ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. જે છેલ્લા 8વર્ષમાં સૌથી વધુ છે. ગુજરાતમાં મુખ્યત્વે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં સૌથી વધુ કપાસનું ઉત્પાદન થાય છે. સફેદ સોનું તરીકે ઓળખતો પાક કપાસ જામનગર જિલ્લાના ખેડૂતોની પહેલી પસંદગી છે.

જામનગર જિલ્લામાં કપાસનું ચાલુ વર્ષે 1 લાખ 78 હજાર 154 હેક્ટરમાં વાવેતર કરાયું છે. ગત વર્ષની સરખામણીએ કપાસના વાવેતરમાં 18 હજાર 971 હેક્ટરનો વધારો થયો છે. કપાસના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે, અને કપાસ એ દેશના સૌથી મહત્વપૂર્ણ પાકોમાંનો એક છે.. દેશના લાખો ખેડૂતો કપાસના પાકના વાવેતર થકી આજીવિકા મેળવે છે.

કપાસમાં શંકર જાત શોધવામાં આપણું રાજ્ય વિશ્વ સ્તરે પ્રથમ રહ્યું છે. જામનગર જિલ્લાની વાત કરવામાં આવે તો જિલ્લામાં સરેરાશ અંદાજે 3 હજાર 49 લાખ હેક્ટર વિસ્તારમાં કુલ વાવેતર જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં આ વર્ષે સૌથી વધુ કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે.

સરકારની સૌની યોજના હેઠળ ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવામાં આવતા કપાસના પાકનું વાવેતર કરતાં ખેડૂતોને ટેકો મળ્યો છે.

---

-માહિતી, રૂપલ -(નવીન)

# MORBI PRAFUL PANSHERIYA

મોરબીમાં નવો બ્રીજ બનાવવા માટે, મચ્છુ નદીની સઘન સફાઈ માટે ટ્રોલી અને ટ્રેક્ટર લોકાર્પણનો ગઇકાલે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જીલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીયા અને ધારાસભ્ય કાંતિ અમૃતિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રફુલ પાનશેરીયાએ અમે મચ્છુ નદી અને મોરબી શહેર સ્વચ્છ રહે તેવો પ્રયાસ કરવાનો નિર્ધાર વ્યક્ત કરીને વધુમાં જણાવ્યું કે,

## બાઈટ - પ્રફુલ પાનસેરિયા, મંત્રી

---------------------------------------------------------------------

-પીટીસી, મોરબી, -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# VANY PRANI SPTAH- LEAD

વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરા આજે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત બનાસકાંઠાના બાલારામ ખાતે નેચર એજ્યુકેશન એન્ડ ઇકોટુરિઝમ કેમ્પ સાઇટનું લોકાર્પણ કરશે.

બાલારામ ઉજાણી ગૃહ ચિત્રાસણી ખાતે અંદાજે 5 હેક્ટર વિસ્તારમાં નેચર એજ્યુકેશન એન્ડ ઇકોટુરિઝમ કેમ્પ સાઇટ બનાવવામાં આવી છે. જેનો ઉદ્દેશ્ય પ્રકૃતિ શિક્ષણ શિબિર અને ઇકોટુરિઝમ દ્વારા ભાવિ પેઢીને કુદરત સાથે જોડી અનુભૂતિ કરાવવાનો છે.

વન વિભાગના સંરક્ષણ અને સંવર્ધનના પ્રયાસોને લીધે ગુજરાતમાં રીંછ તથા ઈજિપ્ત પ્રજાતિના ગિધની સૌથી વધુ વસ્તી બનાસકાંઠામાં નોંધાઈ છે. આ નેચર એજ્યુકેશન એન્ડ ઇકોટુરિઝમ કેમ્પ સાઇટ શરૂ થવાથી સ્થાનિક લોકોને પણ રોજગારીની તક મળશે.

તે ઉપરાંત વન્ય જીવોના સંરક્ષણ અને શિબિર શિક્ષણ માટેની ફળાઉ વૃક્ષોનું વાવેતર, પવન ચક્કી દ્વારા પાણીની સુવિધા, ટ્રેપ, કેમેરા ફેરણ, ચેકડેમ, વન તલાવડી, જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . .

મા.ખાતું-અર્પિશા રાજપુરોહિત-યશ્વી

# Vany jiv saptah

વન્યજીવ સપ્તાહ-૨૦૨૩ નિમિત્તે ઇન્દ્રોડા પાર્ક-ગાંધીનગરમાં ‘વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી એક્ઝિબિશન’ આવતીકાલ સુધી જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું છે. વન્ય જીવ પ્રાણીઓ પ્રવાસીઓ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. ત્યારે ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગર ખાતે દીપડાની નવીન જોડી ‘શ્રવણ’ અને ‘રક્ષા’ને લોકો નિહાળી શકશે.

ગત તા. ૦૧ સપ્ટેમ્બર-૨૦૨૩ના રોજ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયથી તેમને લાવવામાં આવ્યાં હતાં. આ જોડીને કેવોરન્ટાઇનમાં રાખી સ્વાસ્થ્યની સતત દેખરેખ રાખવામાં આવી હતી. આ સમયગાળો પૂર્ણ થતાં વન્યજીવ સપ્તાહ - ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે ગાઈકલથી પ્રવાસીઓ-મુલાકાતીઓ હવે ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે આ દીપડાની જોડીને નિહાળી શક્શે.

પ્રદર્શનમાં ૨૦૦થી વધારે વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફ્સ ઇકો ક્લબ ધરાવતી શાળાએ બનાવેલ વિવિધ વેસ્ટમાંથી બેસ્ટ કૃતિઓ અને વિવિધ ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે..

-----------------------------------------------------------------

-માહિતી રૂપલ -(નવીન)

# VANY PRANI SPTAH- DIST.

આણંદ જીલ્લાના બોરસદ તાલુકાની રણોલી હાઇસ્કૂલમાં વન્ય પ્રાણી સપ્તાહની દરમિયાન નાયબ મુખ્ય દંડક રમણ સોલંકીએ પર્યાવરણ સંતુલનને જાળવી રાખવામાં વન્ય પ્રાણીઓની ભૂમિકા સમજાવી હતી.

કચ્છ પૂર્વ વન વિભાગ દ્વારા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે કચ્છ વન વિભાગના નાયબ વન સંરક્ષકે વિદ્યાર્થીઓને વન્ય પ્રાણી સપ્તાહ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

જ્યારે વ્યારા વન વિભાગ દ્વારા જિલ્લાના ઈકો ટુરીઝમ સ્થળ પદમડુંગરી ખાતે વ્યારા વન વિભાગ અને સુરત વન વર્તુળ દ્વારા પણ લોકોને વન્ય પ્રાણી સપ્તાહ અંગેની જાણકારી આપવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યભરમાં ઓક્ટોબર મહિનાના પહેલા અઠવાડિયામાં વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . .

મા.ખાતું-પીટીસી-આણંદ-તાપી-કચ્છ(મા.ખાતું)-અર્પિશા રાજપુરોહિત-યશ્વી

# AHD NAVRATRI

નવલા નોરતાના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે અમદાવાદ પોલીસે ગરબા આયોજકો માટે ગાઇડલાઇન જાહેર કરી છે. જેના નિયમોનું પાલન કરવાનું ફરજીયાત બનશે.

ગરબા આયોજકોએ ખેલૈયા માટે વીમા પોલીસી લેવી પડશે તેવી સૂચના છે. આ ઉપરાંત ફાર સેફટી, CCTV, પાર્કિંગ પણ આપવું ફરજીયાત રહેશે. રસ્તા પર પાર્કિંગ ના બનાવવું.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે 50 થી વધુ પાર્ટી પ્લોટ – કલબમાં ગરબાનું આયોજન હોવાની માહિતી મળી છે. પોલીસે 12 મુદ્દાની ગાઇડલાઇન બહાર પાડી છે. જેમાં રજૂ કરાયેલ નિયમો આયોજકોએ ખાસ પાળવાના રહેશે. સિક્યુરીટી ગાર્ડ અને સ્વંયસેવકો પણ રાખવા પડશે તેમજ સર્વોચ્ચ અદાલતની ગાઇડલાઇન મુજબ, લાઉડ સ્પીકર વગાડવા રાત્રે 12 વાગ્યા પછી મંજુરી અપાશે નહીં અવાજની મર્યાદા પણ નક્કી કરાઇ છે.

---

-ડીડી ન્યુઝ, રૂપલ, -(નવીન)